આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-23-07-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

# નાણામંત્રી નિર્મલા સીતારામણ- બજેટ

આજે નાણાકીય વર્ષ 2024-25નું બજેટ રજૂ કરતાં પહેલાં કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે લોકસભામાં વર્ષ 2023-24નું આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યું. નાણાકીય વર્ષ 2024-25માં વાસ્તવિક જીડીપીનો વૃધ્ધિ દર 6.5થી સાત ટકાનો અંદાજવામાં આવ્યો છે.

સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, અનિશ્ચિત વૈશ્વિક આર્થિક સ્થિતિ છતાં નાણાકીય વર્ષ 2023-24માં સ્થાનિક વૃધ્ધિનાં ચાલક બળોએ ભારતની આર્થિક વૃધ્ધિને ટેકો આપ્યો હતો.

ચાલુ નાણાકીય વર્ષમાં 4.5 ટકા અને આગામી નાણાકીય વર્ષમાં 4.1 ટકા ફુગાવો રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

સર્વેમાં જણાવ્યા પ્રમાણે ચીજવસ્તુઓ અને સેવાઓમાં વધારો થવાની સંભાવના છે. હવામાન વિભાગની સામાન્ય વરસાદની આગાહી અને નૈઋત્યના ચોમાસાનાં સંતોષજનક વ્યાપને પગલે કૃષિ ક્ષેત્રનો દેખાવ સુધરવાની અને ગ્રામીણ માગમાં વધારો થવાની સંભાવના છે.

**RNU અમદાવાદ**

---

RNUBHUJ

## બાંગ્લાદેશ -વિધાર્થીઓ પરત

બાંગ્લાદેશમાં ચાલી રહેલી હિંસા વચ્ચે અટવાઈ ગયેલા રાજ્યના 14 વિદ્યાર્થીઓ કેન્દ્ર અને રાજ્યસરકારના પ્રયાસોના પગલે સલામત વતન પરત ફર્યા છે. જ્યારે અન્ય 11 વિદ્યાર્થીઓને પરત લાવવા માટેનાં પ્રયાસો ચાલુ છે. સત્તાવાર યાદીના જણાવ્યા મુજબ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે બિનનિવાસી ગુજરાતી ફાઉન્ડેશનને આપેલી સૂચનાના પગલે ફસાયેલા વિદ્યાર્થીઓની વિગતો મેળવવા હેલ્પલાઇન નંબર-99784 30075 જાહેર કરવામાં આવ્યો છે.

**RNU અમદાવાદ**

---

## પી.એમ. સૂર્ય ઘર મફત વીજળી યોજના

સરકારે પીએમ સૂર્ય ઘર-મફત વીજળી યોજના હેઠળ વીજ વિતરણ કંપનીઓને પ્રોત્સાહન માટેની માર્ગદર્શિકા જારી કરી છે. સોલર રુફટોપ ક્ષમતા વધારવા અને રહેણાંક નિવાસીઓને પોતાની રીતે વીજ ઉત્પાદન માટે પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકારે આ વર્ષે ફેબ્રુઆરીમાં યોજનાને મંજૂરી આપી હતી. આ માર્ગદર્શિકા પ્રમાણે વીજ વિતરણ કંપનીઓને પ્રોત્સાહનનું અમલીકરણ કરવા જણાવાયું હતું.

**નેશનલ ન્યુઝ**

---

## મકાઈ પાકને રોગમુક્ત રાખવા માર્ગદર્શિકા

રાજ્યમાં મકાઈ પાકને રોગમુક્ત રાખવા ખેતી નિયામકની કચેરીએ ખેડૂતો માટે માર્ગદર્શિકા જારી કરી છે. આ માર્ગદર્શિકા મુજબ, ખેડૂતોએ મકાઈના પાકને પાનના સુકારા તેમ જ તડછારો જેવા રોગથી રક્ષણ આપવા રોગમુક્ત બિયારણ ઉપયોગમાં લેવું જોઈએ. તેમ જ મકાઈની રોગ પ્રતિકારક જાતોનો ઉપયોગ કરવો જોઈએ. સાથે જ દર વર્ષે પાકની ફેરબદલી કરવી પણ હિતાવહ હોવાની સલાહ આપવામાં આવી છે.

મકાઈમાં ઈયળના નિયંત્રણ માટે મગ, અડદ, તુવેર અને ચોળા આંતરપાક તરીકે વાવવા જોઈએ.

**RNU અમદાવાદ**

---

## કુંદરોડી શાળા વિદ્યાર્થીઓ

પ્લાસ્ટિકનું વકરતું દૂષણ એક મોટો પડકાર બની ગયું છે. પ્લાસ્ટિકનો યોગ્ય રીતે નાશ ન થતો હોવાના લીધે ગાયના પેટમાં આ પ્લાસ્ટિકનો જથ્થો પહોંચતો હોવાથી અનેકવાર તે જોખમી પણ સાબિત થતો હોય છે. મુંદરા તાલુકાની કુદરોડી ગામની શાળામાં અભ્યાસ કરતા 60થી વધુ બાળકે પ્લાસ્ટિકની નકામી બોટલો એકત્રિત કરી હતી. બાળકોએ એકત્રિત કરેલી પ્લાસ્ટિકની બોટલ પ્લાસ્ટિકનો વપરાશ કરી વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓનું સર્જન કરતી સંસ્થાઓને આપવાનું આયોજન છે.

**N.P/ આરતી ભટ્ટ**

---

## ગુરૂ ગૌરવ એવોર્ડ

ગઢશીશા કુમાર પ્રાથમિક શાળાના આચાર્ય ગીતાબા જે. જાડેજાને ગુરુપૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ સાંદીપનિ વિદ્યાનિકેતન પોરબંદર દ્વારા ભાગવતાચાર્ય પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના હસ્તે ગુરૂ ગૌરવ સમારોહમાં ગૌરવાન્વિત કરવામાં આવ્યા હતા.

**N.P/ આરતી ભટ્ટ**

---

## જિલ્લામાં વરસાદ

જિલ્લામાં ગઈકાલે વરસાદી ઝાપટા વરસવાથી પાણી વહી નિકળ્યા હતા. હવામાન વિભાગ દ્વારા ગુરૂવાર સુધી વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે

મુંદરા પર તો જાણે મેઘરાજા ઓળઘોળ થયા છે. ગત રાત્રીના મુંદરામાં 2થી 4 વાગ્યા સુધી 2 કલાકમાં જ સવા ચાર ઈંચ વરસાદ વરસ્યો હતો. જેના કારણે શહેર પાણી પાણી થઈ ગયું હતું. તો નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. કાંઠાળ પટાના  અબડાસામાં 2 ઈંચ જયારે માંડવી અને ભુજમાં ગત મોડી રાત્રીના અડધો ઈંચ વરસાદ નોંધાયો હોવાનું જિલ્લા કંટ્રોલરૂમમાંથી જાણવા મળ્યું હતું. રાત્રીના વરસાદ વરસતા પાણી ભરાયા હતા. તો સારા વરસાદના કારણે ડેમો અને તળાવોમાં પાણીની આવક થઈ હતી.

**N.P/ કંટ્રોલરૂમ માહિતિ**

-----------------------------------------------------------------------------

## માંડવી - માર્કેટયાર્ડ

માંડવી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા માર્કેટયાર્ડ ખાતે શાકભાજી અને ફળ-ફળાદિના વેપારીઓ માટે 44 લાખના ખર્ચે નિર્માણ કરેલી 14 નવી શાકભાજીની દુકાનનો લોકાર્પણ કરાયું હતું. ધારાસભ્ય અનિરૂદ્ધ દવેના હસ્તે તક્તી અનાવરણ કરાયું હતું. વિરાણીમાં સબ યાર્ડ શરૂ કરવા તેમજ ખેડૂતો - વેપારીના હિત માટે સહકારથી સમૃદ્ધિના પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત પ્રતિનિધિઓને ટેક્નોલોજી સાથે જોડી કોમ્પ્યુટરાઇઝ્ડ કરવાના આયોજનને યોગ્ય પ્રતિસાદ મળ્યું હતો.

**N.P/ આરતી ભટ્ટ**

-----------------------------------------------------------------------------